## દુનિયાની સૌથી મોટી ચોરીની ઘટના

# પ્રાંતિજમાં ત્રણ બેંકોના તાળાં તોડ્યા વગર અબજોની ચોરી

### પાંચ કિલોમીટરની સુરંગ બનાવી એક જ રાત્રિમાં ત્રણ બેંકો તસ્કરો સાફ કરી ગયાં : જિલ્લા પોલીસ સહિત અમદાવાદ-દિલ્હી પોલીસના પ્રાંતિજમાં ધામા

પ્રાંતિજ, એપ્રિલ ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે એક જ રાત્રીમા ત્રણ બેંકોના તાળાં તુટ્યા વગર બેંકોના લોકરોમાં રહેલ દાગીના તથા બેંકોમા રહેલ રોકડ રકમ સહિત અબજોની ચોરી.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ કેનરા બેક, એક.ડી.એફ.સી બેક અને હિંમતનગર નાગરિક બેંકમાં સુરંગ બનાવી ત્રણેય બેંકોમાં પ્રવેશ કરી બેંકોની અંદર રહેલ લોકરો તથા બેંકોમાં રહેલ રોકડ રકમની ચોરી કરી અજાણ્યા ઈસમો ફરાર થતાં પ્રાંતિજ પોલીસ સહિત જિલ્લા પોલીસ અમદાવાદ- દિલ્હી ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમ પ્રાંતિજમાં દોડી આવી હતી તો એક જ રાત્રીના અત્યાર સુધીની દુનિયાની મોટામાં મોટી ચોરી કહીએ તો નવાઈ નહીં તો તસ્કરો દ્વારા અગાઉથી જ હિંમતનગર રોડ ઉપર આવેલ પ્રાંતિજના રસુલપુર ગામ પાંચ કિલોમીટર દુરથી જ સુરંગ બનાવવામાં આવી હતી અને એક જ સુરંગ દ્વારા આજુબાજુમાં આવેલ ત્રણેય બેંકોમાં પ્રવેશ કરી બેંકોમાં આવેલ લોકરો તથા બેંકોમાં રહેલ રોકડ રકમ સહિતની ચોરીની રકમ અબજો ઉપર અંદાજ લગાવી શકાય છે તો જિલ્લા સહિત અમદાવાદ-દિલ્હી ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ દ્વારા હાલતો તસ્કરોએ બનાવેલ સુરંગમાં બે થી ત્રણ વાર આંટા ફેરા માર્યા છે અને આ તસ્કરો કયાના અને આટલી મોટી ચોરીને અંજામ કઈ રીતે આપ્યો અને આ ચોરીમાં કેટલાં તસ્કરો હશે અને આ સુરંગ કેટલા દિવસથી બની અને આ ચોરીના માલ સાથે આ તસ્કરો કઈ બાજુ જતાં રહ્યાં તે દિશામાં હાલતો શોધ ખોળ હાથધરી છે તો પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતાં બેંક ગ્રાહકોને સવારે સમાચાર મળતાં વહેલી સવારથી જ એપ્રોચ રોડ ઉપર આવેલ બેંકો પાસે દોડી આવ્યાં હતાં તો આખો એપ્રોચ રોડ ઉપર ટ્રાફિક અને વધુ પડતાં લોકો બેંકો પાસે એકઠાં થતા જામ થઈ ગયો હતો તો હાલતો ત્રણેય બેંકોમાંથી લોકરો અને બેંકોમાં રહેલ રોકડ રકમનો આંકડો દુનિયાની મોટામાં મોટી ચોરીનો આંકડો પાર કરી ગયો છે અને એક જ રાત્રીમા ત્રણ બેંકોમા વગર તાળાં તોડીને અબજોની ચોરી થતાં જિલ્લા પોલીસ તંત્ર સહિત જિલ્લા તંત્ર દંગ બની ગયું છે અને જિલ્લા કલેક્ટર પ્રવિણા ડી. કે., જિલ્લા પોલીસ વડા ચૈતન્ય રવિન્દ્ર મંડલીક, જિલ્લા વિકાસ અધિકારી સ્તૃતિ ચારણ, પ્રાંતિજ- તલોદ પ્રાન્ત અધિકારી સોનલબા પઢેરીયા, પ્રાંતિજ મામલતદાર આર.કે.પટ્ટણી, પ્રાંતિજ વિકાસ અધિકારી જે.એચ.કાપડીયા, પ્રાંતિજ પીઆઈ કે. એસ. બ્રહ્મભટ્ટ, પ્રાંતિજ પીએસાઈ એમ.બી.ગજ્જર સહિતના અધિકારીઓ દોડી આવ્યા હતાં. તો ત્રણેય બેંકોના મેનેજરો દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. તો એપ્રોચ રોડ ઉપર ટ્રાફિક જામ થતાં ગાંધીનગરથી એસારપીના જવાનોની સાત ટીમ બોલાવવાની ફરજ પડી હતી તો હાલ તો પોલીસ દ્વારા એક્સપરોની મદદથી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે અને જુદી જુદી તપાસ એજન્સીઓને પણ નિમવામાં આવી છે.

## મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરના દિલ્હીમાં ધામા, ઉગ્ર રજૂઆત

### ઉત્તર ગુજરાત કોંગ્રેસ લોકસભા પ્રભારી જીતેન્દ્ર બઘેલની ધારાસભ્યો અને અગ્રણીઓ સાથેની હિંમતનગરમાં બેઠક નિષ્ફળ : ત્રણ ધારાસભ્યો બેઠક છોડી નીકળી ગયા

મોડાસા, તા. ૩૧

સાબરકાંઠા લોકસભા બેઠક પર ચૂંટણી લડવા માટે કોંગ્રેસમાં ધમાસાણ મચી ગયું છે. કોંગ્રેસના મોટા કદાવર નેતાએ આ બેઠક માટે અંગત રસ લેતા અને ક્ષત્રિય ઠાકોર



સેનાએ પણ અન્યાય કરવામાં આવતો હોવાની માંગ સાથે ટિકિટ માંગતા હાઈકમાન્ડ માટે પણ ઉમેદવારની પસંદગી માથાનો દુખાવો બનતા જાહેરાત કરવાનું ટાળી રહી છે. હાઈકમાન્ડે ઉત્તર ગુજરાત લોકસભાના પ્રભારી જીતેન્દ્ર બઘેલ અને બલદેવ ઠાકોરને હિંમતનગર દોડાવતા હિંમતનગર કોંગ્રેસ કાર્યાલય ખાતે સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના ધારાસભ્યો, જીલ્લા પ્રમુખ સહીત અગ્રણીઓ અને કાર્યકરોની બંધ બારણે બેઠક યોજી ડેમેજ કંટ્રોલ કરવાનો પ્રયત્ન નિષ્ફળ રહ્યો હતો. અરવલ્લી જીલ્લાના ધારાસભ્યો અને કેટલાક અગ્રણીઓ કોંગ્રેસ પક્ષ અરવલ્લી જીલ્લાની અવગણના કરી હોવાના આક્ષેપ સાથે બેઠક છોડી જતા રહ્યા હોવાનું સૂત્રો પાસેથી માહિતી મળી હતી અને બેઠક નિષ્ફળ રહી હતી.

સાબરકાંઠા લોકસભા બેઠક માટે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત બંનેના સ્ક્રીનિંગ કમિટીમાં ટિકિટના દાવેદાર તરીકે અગ્ર સ્થાને હતા અને બંનેમાંથી ગમેતે એકનું નામ લોકસભાની બેઠક માટે જાહેર થશે તેવું કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોએ માનતા હતા. ત્યારે છેલ્લા ૪૮ કલાકમાં અન્ય એક ઉમેદવારે એઆઈસીસીમાં મહત્વનું સ્થાન ધરાવતા કોંગ્રેસના અદના નેતાનો સંપર્ક કરી ગુરુ બનાવતા લોકસભાની ટિકિટની કહાનીમાં ટ્વીસ્ટ આવ્યો હોય તેમ ટિકિટના બંને દાવેદારોના નામ હોસિયામાં ધકેલાઈ ગયા હોવાની કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોમાં પણ અચરજ ફેલાયું હતું અને ટિકિટના દાવેદારોમાં વધારો થતા કોંગ્રેસે સાપે છછૂંદર ગળ્યા જેવો ઘાટ સર્જાતા હાઈકમાન્ડે સાબરકાંઠા બેઠક માટે ઉકળતા ચરુને ઠંડો પાડવાનો પ્રયત્ન રૂપી બંને પ્રભારીને દોડાવવા છતાં પરિસ્થિતિ વિસ્ફોટક જ રહી હતી. જીતેન્દ્ર બઘેલ પણ કોંગ્રેસના કદાવર નેતાની ભલામણ કરેલ ઉમેદવારની તરફેણ કરતા હોવાનું કોંગ્રેસના કાર્યકરોમાં ચર્ચા જામી હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર હિંમતનગર કોંગ્રેસ કાર્યાલય ખાતે ઉત્તર ગુજરાત લોકસભા બેઠકના કોંગ્રેસના પ્રભારી જીતેન્દ્ર બઘેલ અને બલદેવ ઠાકોર સામે અરવલ્લી જીલ્લાના કોંગ્રેસના ધારાસભ્યો અને અગ્રણીઓએ ઉમેદવારની પસંદગીમાં અરવલ્લી જિલ્લાને અન્યાય થતો હોવાનું જણાવી બેઠક છોડી બહાર નીકળી જતા બેઠક નિષ્ફ્ળ રહી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. સાબરકાંઠા બેઠક પર ઉમેદવારની પસંદગીને લઈને કોંગ્રેસમાં જૂથવાદ ચરમસીમાએ પહોંચતા બેઠક ગુમાવવાનો વારો આવે તો નવાઈ નહિ..?

## પ્રાંતિજ સ્વામિનારાયણ સંસ્કાર ધામ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરાઈ

પ્રાંતિજ તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી BAPS સ્વામિનારાયણ સંસ્કાર ધામ ખાતે આંતર રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં નૃત્ય, પ્રવચન, સાંસ્કૃતિક કાર્યક્રમો સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા.

ભગવાનશ્રી સ્વામિનારાયણ અને બ્રહ્મ સ્વરૂપ યોગી મહારાજ, પ્રમુખ સ્વામી મહારાજના ચરણ સ્પર્શથી પાવન થયેલ ભૂમિ પ્રાંતિજ ખાતે ગુરૂહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી પુણ્ય ભૂમિ ભારતમા વૈદિક સમયથી મહાન નારી રત્નો અવતરતાં રહ્યાં છે. આ સાથે વૈશ્વિક સ્તરે નારી વ્યક્તિત્વના અનેક આયામોને વિશેષ પ્રકાશિત મળે છે તે હેતુસર પ્રતિવર્ષે BAPS સંસ્થા દ્વારા મહિલા દિનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નૃત્ય, ઉપદેશોને સમાવતા પ્રવચનો, ગરબા સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સાંસારિક જીવને સંતુલિત રાખવા જીવન ઉત્કર્ષની દિશા તરફ દોરી જનાર છે તે હેતુસર પ્રાંતિજ ખાતે BAPS દ્વારા મહિલા દિનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ તથા તાલુકામાંથી ધર્મપ્રેમી મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પટેલ કોમલબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## અલ્પેશ ઠાકોર લોકસભાની ચૂંટણી લડવાના નનૈયા વચ્ચે સાબરકાંઠા બેઠક પર ચૂંટણી લડવા પાછલા બારણે ધમપછાડા

સાબરકાંઠા બેઠક પર ૫.૫ લાખ ક્ષત્રિય મતદારો, ૩.૫ લાખ આદિવાસી મતદારો અને એસસી



અને મુસ્લિમ મતદારોની સંખ્યા વધુ હોવાથી કોંગ્રેસ પક્ષમાં ચૂંટણી લડવા મુરતિયાઓમાં હોડ જામી છે. ક્ષત્રિય ઠાકોર સેનાએ અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે અને ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરોએ કોંગ્રેસે તેમની સાથે અન્યાય કર્યો હોવાનો હુંકાર કર્યો હતો. ક્ષત્રિય-ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે લોકસભાની ચૂંટણી લડવાનો નનૈયો ભણ્યા પછી તેમના નિકટના અને બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ પણ અલ્પેશ ઠાકોરે કે તેમની પત્ની લોકસભાની ચૂંટણી નહિ લડે નો છાતી ઠોકીને દાવો કર્યો હતો. બીજી બાજુ સાબરકાંઠા બેઠકમાં કોંગ્રેસ બેઠક માટે મુરતિયોએ લાઈન લગાવતા કોકડું હજુ પણ યથાવત રહ્યું છે. ત્યારે ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે સાબરકાંઠા લોકસભા બેઠક પર ચૂંટણી લડવા પાછલા બારણે ધમપછાડા કર્યા હોવાની સૂત્રો પાસેથી માહિતી મળી હતી.

સાબરકાંઠા લોકસભા બેઠક પર ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર ચૂંટણી લડવા માટે તૈયારીઓ હાથ ધરી હોવાની ચર્ચાએ જોર પકડાતા બંને જીલ્લાના કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો પણ ચોકી ઉઠ્યા હતા અને સાબરકાંઠા લોકસભા બેઠક માટે ઉમેદવારી નોંધાવનાર વર્તમાન ધારાસભ્યો અને પૂર્વ ધારાસભ્ય સહીત દાવેદારોમાં હડકંપ મચ્યો છે. સાબરકાંઠા બેઠક માટે કોંગ્રેસ પેરાશૂટ ઉમેદવાર ઉતારવાની ચર્ચાથી હાલ પૂરાતો ગરમાવો આવી ગયો છે અને અલ્પેશ ઠાકોરે અરવલ્લી જીલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના ખભે બંદૂક મૂકી ઘા કરાવી રહ્યા હોવાની ચર્ચા કોંગ્રેસના પાયાના કાર્યકરોમાં ચાલી રહી છે.

અલ્પેશ ઠાકોરના નિકટના સાથે બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા સાથે ટેલિફોનિક સંપર્ક કરતા જણાવ્યું હતું કે અલ્પેશ ઠાકોર સાબરકાંઠા બેઠક પર ચૂંટણી લડશેની વાતો પાયા વિહોણી હોવાનું જણાવ્યું હતું.

ક્ષત્રિય ઠાકોર સેનાના અરવલ્લી જીલ્લાના પ્રમુખ સંજયજી ઠાકોરે અલ્પેશ ઠાકોર સાબરકાંઠા બેઠક પર ચૂંટણીના દાવેદારી કરી રહ્યા અંગે જણાવ્યું હતુંકે અલ્પેશ ઠાકોર સાબરકાંઠા લોકસભા બેઠક પર ચૂંટણી લડે તો આનંદ થશે કહી આડકતરી રીતે અલ્પેશ ઠાકોરની દાવેદારીને આડકતરી રીતે સમર્થન આપ્યું હતું.

સાબરકાંઠા લોકસભા બેઠક પર ઉમદેવારનું કોકડું ગૂંચવાતા કોંગ્રેસ હાઈકમાન્ડ ૨ કે ૩ એપ્રિલે ઉમેદવારને સીધો મેન્ડેડ જ આપશે અને હાલ ચાલી રહેલા ઉકળતા ચરૂથી નુકશાન ન થાય તેનું ધ્યાન રાખી રહી છે.



**બનાસકાંઠા બેઠક પર ભાજપને જંગી બહુમતીથી જીતાડવા કાર્યકરો પ્રતિબદ્ધ**

સમગ્ર દેશમાં નરેન્દ્રભાઈ મોદીને પુનઃ સત્તાસ્થાને લાવવા ભારતીય જનતા પાર્ટી દ્વારા મરણીયા પ્રયાસ કરાઈ રહ્યા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ લોકસભાની ચૂંટણીને લઈને મોદી ફિવર જામ્યો છે. જેમાં ગઈકાલે સાયકલ સવારો દ્વારા ડીસા શહેરના ત્રણ કિલોમીટર વિસ્તારમાં વિવિધ જાહેર માર્ગો પર રેલી દ્વારા ભારતીય જનતા પાર્ટીને પુનઃ જંગી જીત અપાવવાના દૃઢ નિર્ધાર સાથે ભારત માતાકી જય અને મોદી ફિરસેના બુલંદ નારાથી વાતાવરણ ભગવામય બનાવી દેવાયું હતું. જ્યારે આજરોજ વડાપ્રધાનના મનકી બાતમાં 'મૈ ભી ચોકીદાર' કાર્યક્રમનું વિડીયો કોન્ફરન્સ ડીસાના લાયન્સ ક્લબ હોલ ખાતે યોજાયો હતો. જેમાં બનાસકાંઠા જિલ્લાના તમામ ભાજપના અગ્રણીઓ તેમજ ભાજપના જિલ્લાના, તાલુકાના અને શહેરોના કાર્યકરો સાથે લોકસભાના ઉમેદવાર પરબતભાઈ પટેલ પણ કાર્યક્રમમાં પધારતા કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## ભિલોડાના ખોંડબા ખાતે મોકડ્રીલ યોજાઈ

જોખમી કેમીકલ કારખાનાઓમાં સંભવિત અકસ્માત/ ઈર્મજન્સીના સંજોગોમાં, જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક મદદ મળી રહે તેમજ તેઓમાં સતર્કતાનું પ્રમાણ જળવાઈ રહે તે હેતુથી, મોકડ્રીલ (રીહર્સલ) યોજાતા હોય છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લાના ડીસ્ટ્રીકટ ક્રાઈસીસ ગૃપ (ડીસીજી) દ્વારા જિલ્લાના ભિલોડા તાલુકાના ખોંડબા ખાતે શનિવારના રોજ મોકડ્રીલ યોજાઈ હતી.

જેમાં નિયોન ફ્યુલ્સ લિ. ખાતે મોકડ્રીલના સિનારીયો તરીકે કંપીન ખાતે એલ.પી.જી. ટેન્કર સાથેની પાઈપ લાઈનમાં એલ.પી.જી.નુ લોડીંગ થઈ રહેલ હતુ. જે દરમ્યાન વાલ્વમાંથી લીકેજ થયેલ ગેસને સ્પાર્ક મળતા લાગેલ આગને કાબુમાં કરવાનું હોવાનુ ધારીને, આ ઈર્મજન્સીને કાબુમાં લેવા માટે કારખાનામાં ઉપલબ્ધ ફાયર સેફટી એન્ડ મેડીકલ ટીમો દ્વારા પ્રયત્ન કરવા છતાં સંજોગો કાબુમાં ન આવતા આ ઈર્મજન્સીને ''ઓફ સાઈટ ઈર્મજન્સી'' જાહેર કરવામાં આવેલ હતી તથા મદદ માટે ડીસ્ટ્રીકટ ક્રાઈસીસ ગૃપ (ડીસીજી)ના તમામ સભ્યોને ટેલીફોનીક જાણ કરવામાં આવી હતી.

નિયોન ફ્યુલ્સ લિ. ખાતે યોજેલ મોકડ્રીલમાં આગને કાબુમાં લેવા ઘટના સ્થળે જિલ્લા વહીવટીતંત્રના અને ડીસ્ટ્રીકટ ક્રાઈસિસ ગૃપનાં સભ્યો/ અધિકારીઓ તેમજ વિવિધ એજેન્સીઓ જેમ કે ફાયર બ્રિગેડ ટીમ, એમ્બુલેન્સ અને મેડીકલ ટીમ, પોલીસ વિભાગની ટીમ દ્વારા સફળ કામગીરી કરવામાં આવી હતી.

આ મોકડ્રીલ સમયે જિલ્લા કલેકટર નાગરાજન, નિવાસી અધિક કલેકટર વલવી, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગાંધીનગરના ડેપ્યુટી ડાયરેકટર, નિયોન ફ્યુલ્સ લિ.ના માલિક તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભિલોડામાં આદિવાસી સમાજના

## હોળી નૃત્ય મહોત્સવમાં અસંખ્ય ઢોલી અને સ્ત્રીઓએ લેઝીમ નૃત્યનું અનેરૂ આકર્ષણ જમાવ્યું

હોળીએ આદિવાસી સમાજનો સૌથી મોટો માહત્મ્ય ધરાવતો તહેવાર છે. હોળી પર્વમાં



નોકરી કરતા અને પેટિયું રળવા બહાર જતા આદિવાસી લોકો અચૂક વતને પહોંચી પરંપરાગત રીતે નૃત્ય સાથે ગીતો ગાઈ તારપું, પાવી, કાંહળી, ઢોલક-મંજીરાં વગેરે વાદ્યોની મસ્તીમાં ઝુમી ઊઠે છે. આદિવાસી સમાજમાં ગેર મેળાનું અનેરું મહત્વ રહેલું છે. રવિવારે ભિલોડા આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે શ્રી આદિવાસી ડુંગરી ગરાસિયા સમાજે યોજેલ હોળી નૃત્ય મહોત્સવ(ગેર મેળા)માં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના પુરુષો ઢોલ, નગારા અને મહિલાઓ લેઝીમ સાથે પહોંચી નૃત્ય કરી અનેરું આકર્ષણ પેદા કર્યું હતું.

આદિવાસી સમાજની સંસ્કૃતિ અને પરંપરા જળવાઈ રહે તે માટે શ્રી આદિવાસી ડુંગરી ગરાસિયા સમાજે યોજેલ હોળી નૃત્ય મહોત્સવ(ગેર મેળા)નું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે સ્ત્રી-પુરૂષો કુંડાળામાં ફરતાં-ફરતાં ઢોલ અને લેઝીમ સાથે પરંપરાગત ગીતોના તાલે લાકડાના ડંડાઓ સાથે ગેર રમી ગેર મેળાનો લુપ્ત ઉઠાવ્યો હતો. ગેરમેળામાં ભાગ લેવા અને નિહાળવા મોટી સંખ્યામાં ભિલોડા પંથકના આદિવાસી સમાજના અબાલ, વૃદ્ધ સૌ કોઈ ઉપસ્થિત રહ્યા હતા.



**ખેડબ્રહ્મા ગામ વિસ્તારમાં ખોદકામ દરમિયાન જૈનમૂર્તિ નીકળી**

ખેડબ્રહ્મામાં જુના ગામમાં ખોદકામ દરમ્યાન અવારનવાર અનેક મૂર્તિઓ અને પ્રાચીન વસ્તુઓ મળતી આવી છે. ખેડબ્રહ્મા શહેરના પટેલ ફળી વિસ્તારમાં રહેતા કપિલકુમાર વિઠ્ઠલભાઈ પટેલના નવીન મકાન માટે પાયા ખોદવાનું કામ ચાલુ હતુ. શનિવારના રોજ પાયા ખોદતાં હતા ત્યારે અંદરથી એક મૂર્તિ મળી હતી જે આરસ પથ્થરની દોઢ ફૂટની જૈન સંપ્રદાયની મૂર્તિ નીકળી આવી હતી. જેને જોવા લોકો ઉમટી પડ્યા હતા. રવિવારના રોજ જૈન સમાજના લોકોએ વાજતે ગાજતે મૂર્તિનું સામૈયું કરી કલ્પેશભાઈના હસ્તે ઉપાશ્રય ખાતે લાવવામાં આવી હતી. જેમાં જૈન સમાજના સાગર કોઠારી, પિંકેત મહેતા અને અન્ય સમાજ મોટી સંખ્યામાં જૈન સમાજ અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

### લાંચ, દારૂ, ભેટ સોગાદો કે અસામાજીક તત્વોની

## શંકાસ્પદ હિલચાલ જણાય તો ટોલ ફ્રી નંબર-૧૯૫૦ ઉપર જાણ કરો

### ચૂંટણી દરમ્યાન ગેરકાનૂની પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવા વિડીયોગ્રાફી સાથે કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને પોલીસની સ્થાયી દેખરેખ ટુકડી કાર્યરત કરાઇ


ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ની જાહેરાત અન્વયે અને ચૂંટણી પંચની સુચનાઓ મુજબ બનાસકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ કુલ-૯ વિધાનસભા મતદાર વિભાગમાં ચૂંટણી દરમ્યાન જિલ્લામાં થતી ગેરકાનૂની પ્રવૃત્તિ જેવી કે દારૂ, લાંચની વસ્તુઓ, માતબર રોકડ રકમ, શસ્ત્રો અને દારૂગોળાની હેરાફેરી તેમજ અસામાજીક તત્વોની હિલચાલ પર ચાંપતી નજર રાખવા માટે વિડીયોગ્રાફી સાથે સશસ્ત્ર પોલીસ સાથેની સ્થાયી દેખરેખ ટુકડી (સ્ટેટીક સર્વિસલાઈન્સ ટીમ)ની રચના કરવામાં આવેલી છે. આ ટુકડીમાં એક કાર્યપાલક મેજીસ્ટ્રેટ તથા પોલીસ દળનો સ્ટાફ ફરજ બજાવી રહ્યો છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી બનાસકાંઠા દ્વારા ૨-બનાસકાંઠા સંસદીય વિસ્તારમાં સમાવિષ્ટ જનતાને જણાવાયું છે કે આપને કોઈ વ્યક્તિ, ઉમેદવારો કે પક્ષો દ્વારા મતદારોને લાંચ/દારૂ/ભેટ સોગાદો/શસ્ત્રો/ દારૂગોળો આપતા હોવાની જાણ કે બાતમી મળે અથવા અસામાજીક તત્વોની શંકાસ્પદ હિલચાલ જણાય તો આ માટે દરેક વિધાનસભા મતદાર વિભાગમાં આવેલ કંટ્રોલરૂમમાં, નજીકના પોલીસ સ્ટેશનમાં, ખર્ચ નિરીક્ષકશ્રી, મદદનીશ ખર્ચ નિરીક્ષકશ્રી અને જિલ્લાકક્ષાએ આવેલ ટોલ ફ્રી નંબર- ૧૯૫૦ ઉપર જાણ કરવા અપીલ કરવામાં આવી છે. ચૂંટણી ભય અને ભ્રષ્ટાચારમુક્ત થાય તે જોવાની દેશના દરેક નાગરિકની પવિત્ર ફરજ છે.

## મોડાસાના પટેલ પરિવારે ૧૦ ટકા ઈ.બી.સી અનામતનો લાભ નહીં લેવા માટે નિવાસી કલેકટરને પત્ર આપી જાણ કરી

ગુજરાત રાજ્યમાં પાટીદાર સમાજે અનામતની માંગ સાથે સરકાર સામે ઉગ્ર આંદોલન ચલાવ્યું હતું દેશના અન્ય રાજ્યોમાં પણ અનામત આપો અથવા અનામત હટાવોના અનેક આંદોલનો થતા સરકારની હાલત કફોડી બનતા કેન્દ્ર સરકારે હાલની ૪૯ ટકા બેઠકને છંછેડ્યા વગર અનામતના લાભથી વંચિત ગરીબ પરિવારો માટે ૧૦ ટકા ઈ.બી.સી આપવાનો ખરડો પસાર કરતા તમામ રાજકીય પક્ષોએ સમર્થન આપતા ૧૦ ઈબીસી અનામત લાગુ કરવામાં આવી હતી મોડાસા તાલુકાના એક પાટીદાર પરિવારના મોભી ચંદ્રકાન્ત પટેલે ઈબીસી અનામતનો લાભ છોડી દેવા માટે અધી.કલેક્ટર એમ. વલવીને પત્ર પાઠવી સ્વૈચ્છીક અનામત છોડી અનોખી પહેલ કરી હતી.

મોડાસાના ચંદ્રકાન્ત પટેલે જણાવ્યું હતુંકે તાજેતરમાં ગુજરાતની પરિસ્થિતિ ને ધ્યાને લઈ સંતુલિત રાખવા માટે વાસ્તવિક ઉપયોગ કર્તા સુધી અનામતનો લાભ પહોંચે એ પણ જરૂરી છે.



આર્થિક પછાત વર્ગ માટે ૧૦ % અનામતની જોગવાઈ કરવામાં આવી જેનાથી ગુજરાતમાં શાંતિનો માહોલ ઉભો થયો. અનામતની જોગવાઈ આપણા દરેક સમાજને સંતુલિત રાખવા માટે જરૂરી છે. દરેક શ્રેણીમાં , દરેક સમાજને

વાસ્તવિક ઉપયોગ કર્તા સુધી અનામતનો લાભ પહોંચે એ હેતુસર હું મારો અનામતનો લાભ છોડી રહ્યો છું. મારી આવક આવકમર્યાદાની અંદર છે અને મારો સુપુત્ર હાલ ધો.૧૨ સાયન્સની પરીક્ષા આપી રહ્યો છે.